
વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
**શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

## ઉત્તમ ક્ષમાવણી પર્વનો મહિમા

### ગુણગ્રાહી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના જીવનનો પ્રેરક પ્રસંગ......



આ જે (ક્ષમાપનાનો) વ્યવહાર છે એ પણ જૈન સંપ્રદાય સિવાય ક્ષમાપનાનો આવો વ્યવહાર ક્યાંય નથી. વેર અને વૈમનસ્ય અંતઃકરણથી ધોઈ નાખવા માટેનો બહુ સારો ઉચ્ચ કોટિનો આ વ્યવહાર છે. મારા હાથમાં તો તે દી જૈનદર્શનનું શાસ્ત્ર આવ્યું નહોતું. પણ અમારી સાથે મુંબઈમાં કામ કરનારા ભાઈ હતા એ શ્વેતાંબર જૈન હતા. આમ તો સાથે કામ કરવામાં થોડી ગડબડ પણ થતી જ હોયને સાથે કામ કરતા હોય તો. સંવત્સરીને દિવસે પ્રતિક્રમણ કરીને આવ્યા અને ક્ષમાપના કરી એટલે મને એમ થયું કે ઓહો..! મારા કરતા ઉંમરમાં ઘણા મોટા હતા. ક્ષમા માંગે છે! આ લોકોનો આ વ્યવહાર ભારે જબરો છે. બહુ સરસ છે. એટલે એ રીતે કોઈને પણ છાપ પડે. ગુણદ્રષ્ટિ હોય અને ગુણ પ્રત્યે જો આકર્ષણ હોય તો આ વ્યવહાર એવો છે કે છાપ પડ્યા વગર રહે નહિ.

જેની સાથે સંબંધો બગડ્યા હોય, જેની સાથે કાંઈપણ કડવાશ થઈ હોય, વેર થયું હોય, વૈમનસ્ય થયું હોય. કાંઈ પણ છડતો-અછડતો વ્યવહાર થયો હોય. જો શુદ્ધ અંતઃકરણથી માણસ ક્ષમા માગે તો સામાના આત્મા ઉપર (અસર થયા વિના) રહે નહિ. વ્યવહારની જે ગોઠવણી છે, સંકલના છે એ ગુણ-દોષની દ્રષ્ટિએ બહુ ઉચ્ચ કોટિની સંકલના છે. ભલે બાહ્ય વ્યવહાર છે આ. પણ ગુણ-દોષની દ્રષ્ટિએ તો ગમે તેને છાપ મારી જાય એવી વાત છે. આ લોકોમાં આ વ્યવહાર છે. બીજે ક્યાંય આ વ્યવહાર જોવામાં આવતો નથી.

-(રાજ હૃદય ભાગ-૧૭, પ્રવચન નં.૩૯૪)

### ક્ષમાપના


આજ દિન પર્યંત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તેમજ કોઈપણ જીવ પ્રત્યે જે કંઈ પણ અવિનય અને અશાતનાના પરિણામ થયા હોય તેની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ. વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તથા વીતરાગ આપ્તપુરુષ દ્વારા બોધિત પરમતત્ત્વ પ્રત્યે સદાય શરણાગતપણે રહીએ એ આજના દિવસે ભાવના ભાવીએ છીએ.


-'સ્વાનુભૂતિપ્રકાશ' પરિવાર

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૯ : અંક–૩૧૦, વર્ષ–૨૫, ઑક્ટોબર–૨૦૨૩


**શ્રાવણ સુદ ૫, શનિવાર, તા.૨૩–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૯૯,૧૦૦ પ્રવચન–૪૨**





'સમયસાર'માં આવે છે ને! શક્તિ. આત્મજ્ઞાનમય શક્તિ છે. બધી વ્યાખ્યા આવી ગઈ છે. '**સમસ્ત વિશ્વનાં...**' એ દસમી (શક્તિની) વ્યાખ્યા છે. '**સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.**' આત્મજ્ઞાનમય સર્વજ્ઞત્વશક્તિ. આમ સર્વને જાણે છે માટે વ્યવહાર થઈ ગયો એ અહીં નથી અને સર્વને જાણે છે માટે રાગ થયો એ અહીં નથી. એ સર્વજ્ઞત્વ આત્મજ્ઞાનમય સર્વજ્ઞત્વ શક્તિ. ભગવાનઆત્મા એનામાં સર્વજ્ઞ શક્તિ છે, ગુણ છે એ આત્મજ્ઞાનમય દશા થઈને બધાને જાણે છે. એ આત્મજ્ઞાનમય થઈને, પર થઈને, પરને લઈને નહિ. અને પરને જાણે છે માટે અહીં સર્વને જાણ્યું માટે વિકલ્પ આવ્યો અને પરને જાણ્યું માટે અહીં ઉપચાર આવ્યો એ અહીં નથી. ભાઈ! આહાહા..!

આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિ. દર્શનમાં પણ એમ લીધું છે–આત્મદર્શનમય સર્વદર્શીશક્તિ, આત્મદર્શનમય સર્વદર્શી શક્તિ. એ દર્શી શક્તિ, જ્ઞાન શક્તિનો સ્વભાવ જ સ્વપણાને પૂર્ણ દેખવું ને પૂર્ણ જાણવું એમાં બધું જાણવું–દેખવું આવી જાય, એવી જ એની આત્મજ્ઞાનમય ને આત્મદર્શનમય શક્તિ છે. સમજાણું કાંઈ? આ શક્તિઓમાં તો બહું વર્ણન (છે), આખું તત્ત્વ ભર્યું છે ને એમાં એટલે એ જ અહીંયાં કહે છે.

'**સમભાવની પ્રાપ્તિને સામાયિક કહે છે.**' થોડો અર્થ કર્યો છે. '**આ ભાવ ત્યારે જ સંભવિત બને જ્યારે આ વિશ્વને...**' નિશ્ચયદ્રષ્ટિથી દેખે તો. આમાં ઈ કીધું ને? ભાઈ! સર્વ જીવ જ્ઞાનમય દેખો, એનો અર્થ શું

થયો? શું થયો એનો અર્થ? નિશ્ચયથી જોયું, વ્યવહારથી જોવું ન રહ્યું. હું પણ જેમ જ્ઞાનમય, એ પણ જ્ઞાનમય. એ જ્ઞાનમય દેખવું એમાં કાંઈ વિકલ્પ નથી, એ રાગ નથી. એ સ્વ જ્ઞાનમય, બધા જ્ઞાનમય. નિશ્ચયથી હું જ્ઞાનમય, નિશ્ચયથી બધા જ્ઞાનમય, એવી આત્મજ્ઞાનની પર્યાય પ્રગટ થવી એને સમભાવ કહે છે. એ વીતરાગભાવ છે. એથી કહ્યું ને, જુઓને! '**जो सम-भाव मुणेइ, सव्वे जीवा णाणमया, जो सम-भाव मुणेइ**' અરે..! સર્વ જીવને આટલા બધા જોવા જાય ત્યાં એને રાગ ન થાય? કે, ના. એ તો આ જ્ઞાનનો પર્યાય એવા સામર્થવાળો છે કે આ (હું) જ્ઞાનમય છું અને આ બધા જ્ઞાનમય છે, એવી જ્ઞાનની પર્યાયનાં સામર્થ્યની દશા છે. એને જાણતાં હું પણ જ્ઞાનમય છું, પર્યાય નહિ, આ બધા જ્ઞાનમય છે–એમ સમભાવે રાગની અપેક્ષા વિના, પરની અપેક્ષા વિના સ્વના સામર્થ્યમાં સ્વ-પરનું જાણવું પરિણમે તેને સમભાવ કહે છે. આહાહા...! સમજાણું કાંઈ?

તેને જ સામાયિક હોય છે. જુઓ! આ સામાયિકની વ્યાખ્યા. પછી આઠ કર્મની લાંબી વાત કરી છે, આપણે ટૂંકી કરી નાખી. ભાઈ! ટૂંકી કરી નાંખી ને! આઠ કર્મને વિશે વિષમતા ને વિપરીતતા કે ઓછા-વત્તાપણું હોય એ પર્યાયનયનો વિષય છે તેને ગૌણ કરીને. કેમ? કે પોતે પણ પોતાના પર્યાયનયના વિષયને ગૌણ કર્યો છે. ભેદને, રાગને, અલ્પતાને ગૌણ કરીને, અભાવ કરીને નહિ, ગૌણ કરીને, વ્યવહારને અભાવ કરીને નહિ પણ વ્યવહાર ગૌણ કરીને તેને નથી (એમ કહ્યું) અને (નિશ્ચયને) મુખ્ય કરીને તે છે (એમ કહ્યું). એકલો ભગવાન જ્ઞાન ને આનંદમય છે એને મુખ્ય કરીને તેનો અસ્તિપણાનો જ્યાં સ્વીકાર થયો (ત્યાં) સમભાવ પ્રગટ્યો. સમજાણું કાંઈ?

પછી કહે છે, '**આ રીતે સમભાવ લાવીને ધ્યાતા જ્યારે પર જીવો તરફથી ઉપયોગ ખસેડીને...**' છેલ્લી પાછળની વાત છે, છેલ્લી. '**કેવળ પોતાના સ્વભાવમાં જોડે છે ત્યારે નિશ્ચળ થઈ જાય છે, આત્મસ્થ થઈ જાય છે.**' પાછળ, તદ્દન પાછળ, છેલ્લું થોડું. (વચ્ચે) લાંબુ ઘણું કર્યું છે, એ તો કર્મની વાતથી લાંબુ કર્યું છે. આ કર્મને આમ થાય ને આમ થાય. એ વિવિધતા ન જોવી એટલું. '**નિશ્ચળ થઈ જાય છે, આત્મસ્થ થઈ જાય છે.**'

ભગવાનઆત્મા જ્ઞાનમય, આનંદમય, સ્વભાવમય, સ્વભાવવાન, જ્ઞાનવાન, જ્ઞાનમય એવું જ એનું સ્વરૂપ છે એમ જે આત્મસ્થ થાય છે એને સમભાવ પ્રગટ થાય છે. '**આત્માનુભવમાં આવી જાય છે...**' એ આત્મા અનુભવમાં આવી જાય, સ્થિરતા. '**ત્યારે જ પરમ નિર્જરાના કારણરૂપ સામાયિક ચારિત્રનો પ્રકાશ થાય છે.**' શુદ્ધિ, જ્ઞાનમય પ્રભુ ચૈતન્યમય છે એમ દ્રષ્ટિ, જ્ઞાન અને એના તરફનો ઝુકાવ થઈ, સમભાવ દશા થઈ એ દ્રષ્ટિએ પરને પણ નિશ્ચયથી એના પોતાના જ્ઞાનના સ્વપર સામર્થ્યનાં કારણે પરને પણ જ્ઞાનમય જોતાં તેની દશામાં નિર્જરાનું કારણ સમભાવ ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો! આ સામાયિક! કેટલી સામાયિકો કરી હશે કેટલાયે, આ વળી સામાયિક કઈ જાતની નીકળી? આહા..!

આ એક સમયની સામાયિક ભવના અભાવને કરે. એથી એમાં ભવનો અભાવ લખ્યું છે ને! કારણ કે આવો સમભાવ હોય એને ભવનો અભાવ થયા વિના રહે જ નહિ. એ તો એનું ફળ મૂક્યું છે. હિન્દીમાં મૂક્યું છે અને એ તો ગુજરાતીમાં આમાં મૂક્યું છે. એ તો ભાઈએ પછી શ્લોક પ્રમાણે શબ્દાર્થ કરીને ભાઈએ કર્યું છે. ઓલામાં જરી ફળ નાંખ્યું હતું. જિનવર એમ કહે છે, ભગવાનઆત્મા જ્ઞાનમય જેણે વસ્તુની ત્રિકાળીતા, અભેદતા સ્વભાવ સાથે આ સ્વભાવવાનને (છે) એમ જેણે દ્રષ્ટિએ જોયું ને ઠર્યો એને ભવ હોય જ નહિ. કારણ કે વસ્તુમાં ભવ અને ભવનો ભાવ નથી. આ જ્ઞાનમય જોતામાં શું આવ્યું? જ્ઞાનમય આત્મામાં શું આવ્યું? ભવ છે એમાં? ભવનો ભાવ છે? એ તો પરમાં ગયો, આમાં ક્યાં છે ઈ? આચાર્યોના શબ્દો છે, આ તો

આચાર્યોના શબ્દો છે એમાં તો ગૂઢ ગંભીરતા છે. આમાં એક એક શબ્દોમાં ઘણા આગમો વસ્યા છે. સમજાણું કાંઈ?

જ્ઞાનમય ભગવાન (છે) એમ જેણે વર્તમાન દશા વડે ત્રિકાળ જ્ઞાનમય છે એમ જેણે જોયું એમા ભવ ક્યાં છે? દ્રવ્યમાં ભવ ક્યાં? ગુણમાં ભવ ક્યાં? અને જે દ્વારા સમભાવે જોયું એ ભાવમાં ભવ ક્યાં? અને એ ભાવમાં ભવનાં કારણરૂપ ભાવ ક્યાં? એ ભાવ તો પૃથક્ રહી ગયો. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ભવનાં અભાવ સ્વભાવ સ્વરૂપ છે. તો ભવના અભાવ-સ્વભાવ સ્વરૂપ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેયમાં વ્યાપી ગયું. લ્યો, વળી આ આવ્યું. શું કીધું? કે, ભગવાનઆત્મા જ્યાં જ્ઞાનમય છે એમ કહ્યું તો જ્ઞાનમય એ તો જ્ઞાન સ્વભાવમય (અને) આત્મા સ્વભાવવાન, એમ જ્યાં અંદર નિર્ણય અને સમભાવ પ્રગટ્યો તેની પર્યાયમાં પણ જ્ઞાનમય (ભાવ પ્રગટ્યો), રાગમય ન આવ્યું. ત્યાં પણ જ્ઞાનમયની પર્યાય, શ્રદ્ધામયની પર્યાય, સ્થિરતાની પર્યાય પ્રગટ થઈ. એટલે ભવનાં અભાવ-સ્વભાવવાળું દ્રવ્ય એનો નિશ્ચય થતાં એ ભવનો અભાવ-સ્વભાવ ત્રણેયમાં વ્યાપી ગયો. દ્રવ્યમાં ભવનો અભાવ ભાવ, ગુણમાં ભવનો અભાવ ભાવ અને એને પ્રગટ્યો સમભાવ એમાં ભવનો અભાવ ભાવ. એથી એમાં વિષમભાવ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ વસ્તુ એવી છે. આ તો '**जिणवर एम भणेइ**' એ તો જાણ્યું છે એમ કહે છે. કાંઈ કર્યું છે ભગવાને બીજાનું? આહાહા..! જુઓ!

નિર્જરાનું કારણ થાય છે. '**વિકલ્પરહિત ભાવમાં રહેવું તે જ સામાયિક છે, એ જ મુનિપદ છે એ જ મોક્ષમાર્ગ છે, એ જ રત્નત્રયની એકતા છે.**' લ્યો! ઓહો..હો..! એણે વાતનું સ્વરૂપ પદાર્થનું (જાણ્યું નથી). વિકલ્પ આદિ હો, રાગ આદિ (હો), નબળાઈનો ભાવ (હોય) પણ કહે છે એ કાંઈ કાયમની ચીજ છે? સમજાય છે? પર તરફનો ઝુકાવવાળો ભાવ એ કાયમી ચીજ છે? એ તો નબળાઈની ચીજ છે. નબળાઈ તો વર્તમાન વ્યવહાર નયનો, પર્યાયનયનો વિષય થયો. એ આદરણીય વિષય ન રહ્યો, જાણવા લાયક રહ્યો. આદરણીય વિષય તો ભગવાન ત્રિકાળ જ્ઞાનમય, આનંદમય, સ્વભાવમય, ભવનાં અભાવ-સ્વભાવમય આત્મા (છે) એવી દ્રષ્ટિ થતાં તેને જ્ઞાન, દર્શન ને ચારિત્રની સમભાવ દશા પ્રગટ થાય છે એને સામાયિક કહે છે. આહાહા..!

દિગંબર સંતોએ તો થોડા થોડા શ્લોકમાં તો મહા કેટલુંય ભરી દીધું છે!! હેં? ઓહો..હો..! મુનિઓની શું વાત! છઠ્ઠે-સાતમે ઝુલતા સંત, એને આ લખવાનો એક વિકલ્પ આવ્યો છે, હોં! એ રાગ પણ મારામાં ક્યાં છે. મારામાં ક્યાં છે. હું એને ક્યાં મારામાં જોઉં છું. આહાહા..! લખવા કાળનો વિકલ્પ છે, વાણીની રચનાં તો જડની છે. એ વાણી, આ શ્લોકો કંઈ મારાથી રચાતા નથી.

ભગવાનઆત્મા જ્યાં જ્ઞાનમય છે એમ જ્યાં જોયું ત્યાં વિકલ્પ ઉઠ્યો એ મય નથી, એ તો પૃથક્ રહી ગયો. વાણીની ક્રિયા તો પૃથક્ જડમાં રહી ગઈ અને બીજા આત્માઓનાં ભેદ-ભાવવાળા ભાવ એ તો ભંગ-ભેદ પર્યાયનયના વિષયમાં રહી ગયા. એકલા ભગવાન, જ્ઞાનના ભગવાન બધાય છે. આખો લોક પરમાત્માથી ભર્યો છે. આહાહા..! ઓલા (અજ્ઞાની) તડે વિષ્ણુ, થડે વિષ્ણુ કહે. એમ નથી. સમજાણું કાંઈ? આખો ચૌદ બ્રહ્માંડ એકલા પરમાત્માનાં પદથી જ ભરેલો આખો લોક છે. આ હિસાબે. સત્વ જુદા અનંતના, પણ છે બધા ભગવાન સર્વ જ્ઞાનમય, પિંડમય પ્રભુ છે બધા. ઓલાને તો ભાન નથી (તો કહે છે), જળે વિષ્ણુ, થડે વિષ્ણુ, ભગવાન એક વ્યાપક (છે). એમ છે નહિ ત્રણ કાળમાં. સમજાણું કાંઈ?

તેથી આચાર્યે ભાષા શું વાપરી છે? '**सव्वे**' શબ્દ વાપર્યો છે. પૃથક્ પૃથક્ રાખીને વાત કરી છે. બધાને એક કરીને નથી. એક ત્રણકાળમાં હોઈ શકતા નથી. અનંતની સત્તા તે અનંતની પૃથકપણે રહીને, સિદ્ધ પણ પૃથક સત્તા રહીને સિદ્ધ થાય છે. સિદ્ધમાં થઈને એક સત્તા બીજામાં ભળી (નથી જતી). જ્યોતમાં જ્યોત

મીલાય, એમ કેટલાક કહે છે. ન્યાં પછી ભળી ગયા. શું ધૂળ ભળે? સાંભળને!

મુમુક્ષુ : નોખો ચોકો.

ઉત્તર : નોખા ચોકા (શું) સત્તા ત્રિકાળ જુદી છે. ત્રિકાળ સત્તાનું હોવાપણું જુદું (છે) તો જ્યાં મોક્ષ થયો ત્યાં સત્તાનો અભાવ થયો કે મોક્ષ થયો ત્યાં વિકારનો અભાવ થયો? વિકારનો અભાવ થયો તો સ્વસત્તાની વિકાસશક્તિ પૂર્ણ પ્રગટી, (તે) સહિત સત્તા રહી છે. સમજાણું કાંઈ? આ વસ્તુ આવી છે. અન્યમતિઓ બધા ગપ્પા મારે (કે) આ બધા એક છે (એમ નથી). ઓલા જૈનમાં એમ કહે છે. એક હતો ઓલો ભાઈ! નહિ? 'મણિયાર' હતો ને? ભાઈ! આપણે આંધળો. (સંવત) ૧૯૯૫માં વ્યાખ્યાન સાંભળવા આવતો. આ 'સમયસાર' આપણે ચાલતું ત્યારે. (ત્યારે એણે કહેલું), હા, મહારાજ! બરાબર છે, હોં! જ્યોતમાં જ્યોતિ મિલાયી.પછી સિદ્ધ થાય ને જ્યોતમાં જ્યોતિ મિલાય જાય. અરે..! એમ નથી. આવા ક્યાં ગપ્પા માર્યા? એકમાં અનેક ને અનેકમાં એક આવે છે ને સ્તુતિમાં? એ તો જ્યાં એક ભગવાન બિરાજે ત્યાં ક્ષેત્રમાં અનંત છે, અનંત બિરાજે ત્યાં એક છે, સત્તા દરેકની ભિન્ન છે. અસ્તિત્વ હોય એ કોઈ તત્ત્વ ખોઈ બેસે? એનો અસ્તિત્વગુણ જ એવો છે કે જે અસ્તિત્વગુણને લઈને દરેક તત્ત્વ અનાદિઅનંત સ્વસત્તાને ધારી રાખ્યું છે. એ તો અસ્તિત્વગુણનો ગુણ છે. છ ગુણનો સામાન્ય ગુણનો પહેલો ગુણ છેઅસ્તિત્વ. અસ્તિત્વ કહો કે સત્ કહો. સમજાણું કાંઈ?

અહીં આચાર્ય ભગવાન કહે છે કે, ભાઈ! આહાહા..! આવો ભાવ જ્યાં તને બેઠો કે ભગવાન તો એકલો જ્ઞાન ચૈતન્ય સુર્ય છે, બસ! એ શું કરે? એ રાગને કરે? એ પરનું કરે? એ રાગ અને પરને પર્યાયથી ભેદને જાણે. પર્યાયનયથી જાણવાનું (કરે). નિશ્ચયનયથી તે અભેદ જ્ઞાનમય બધા આત્મા, એ બધા જ્ઞાનમય આત્મા પણ રાગને કરતાં નથી અને કર્મને વશ થયેલી દશા એનાં જ્ઞાનમયમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! એમ જેને અંતરમાં જ્ઞાનની વાસ્તવિક રીતે સમતા પ્રગટી છે એને સામાયિક ભગવાન પરમાત્મા '**जिणवर एम भणेइ**'. ત્રણલોકના નાથ પરમેશ્વર જિનદેવ એને સામાયિક કહે છે. આહાહા..! એને હવે ભવ નથી. સમજાણું કાંઈ? વસ્તુમાં–દ્રવ્ય–ગુણમાં તો ભવ નહોતા પણ પર્યાય આવી પ્રગટી એટલે હવે પર્યાયમાં ભવ નથી. આહાહા..! તેથી '**फुडु**' શબ્દ વાપર્યો છે ને! પ્રગટ થઈ ગઈ સામાયિક દશા (તેને) ભવ નથી, ભવ નથી. આહાહા..!

(લોકોને) એવું લાગે ભગવાન જાણે ભગવાને કેટલા ભવ દેખ્યા હશે? હવે સાંભળને! તું તને દેખે છે ઈ પ્રમાણે ભગવાન દેખે છે. તું દેખ કે હું અરાગી છું. મારે સંસાર નથી તો ભગવાન એમ દેખે. અને એવી દશા છે. જ્ઞાનમય ભગવાનઆત્મા, આનંદમય આત્મા સ્વભાવનો અભેદવાળો સ્વભાવ. સ્વભાવવાન સ્વભાવથી અભેદ છે, ભવનાં ભાવથી અભેદ છે નહિ. સમજાણું કાંઈ?

જુઓ! આ સામાયિક ને આ સામાયિક કેવી? કોને હોય? અને કેમ હોય? પહેલા (આ) ત્રણ બોલ કહ્યા હતા, ભાઈ! શરૂઆતમાં પહેલા ત્રણ (બોલ) કહ્યા હતા. કેવી હોય? કોને હોય? કેમ હોય? સમજાણું કાંઈ? પહેલું આવ્યું હતું કે નહિ? આ વળી શું ત્રણ? આહાહા..!ભાઈ કેવી હોય? આવી સમતા હોય, સામાયિક હોય. કોને હોય? જ્ઞાનમય દેખે એને હોય. સમજાણું કાંઈ? કેમ હોય? કે, સ્વભાવનો આશ્રય કરે એને હોય. આહાહા..!

બીજા બધા આત્માઓને, જ્યારે પોતે પણ પોતાનાં આત્માને જ્ઞાનમયથી જ્યાં જોવે છે, જાણે છે, એ સ્થિતિએ પોતાને જ્યાં રાગને ભેદને ગૌણ કરી નાંખ્યો છે, તો એ રીતે બધા આત્માને પોતાનાં સ્વભાવદ્રષ્ટિએ જોતા એનો પણ ભેદ ને રાગ ગૌણ કરીને તેને જ્ઞાનમય જોવે. બસ! સમભાવ (થઈ ગયો). કોઈ ઉપર વિષમપણું કરવાનું રહેતું નથી. આ પરમાત્મા છે માટે વંદનીક છે એવો રાગ પણ રહેતો નથી, એમ કહે છે. અને આ

જૈનદર્શનનો વિરોધી છે માટે દ્વેષ (થાય), એ વસ્તુમાં છે નહિ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'શ્રી યોગીન્દ્રદેવ અમૃતાશીતિમાં કહે છે : હે મિત્ર! સાચા સામ્યભાવની ગુફાની મધ્યમાં બેસીને...'** ભાષા જુઓ! આપણે 'સમયસાર'ની 'જયસેનાચાર્યદેવ'ની ૪૯ ગાથાની ટીકામાં આવે છે ને? 'અનુભૂતિની ગુફામાં બેસ'. ૪૯મી ગાથામાં છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં (છે). અનુભૂતિની ગુફા. સમજાણું? **'सचैवोपादेय आत्मा इति मत्वा निर्विकल्पनिर्मोह–निरंजननिजशुद्धात्म–समाधिसंजातसुखामृतरसानुभूतिलक्षणे गिरिगुहागह्वरे स्थित्वा'** કેવી ગિરીગુફા? ગિરીગુફાના વિશેષણ વાપર્યા કે, ભગવાન આત્માને-શુદ્ધ પૂર્ણ છે એને જાણીને.. સમજાણું? **'इति मत्वा निर्विकल्पनिर्मोह–निरंजननिजशुद्धात्मसमाधिसंजातसुखामृतरसानुभूतिलक्षणे गिरिगुहागह्वरे स्थित्वा सर्वतात्पर्येण ध्यात्व्य इति।'**એ ગિરી ગુફા (છે). બહારની ગિરી ગુફામાં ઓલો ગિરી ગુફા ગોતે. નિવૃત્ત જ છે, તારી ગિરી ગુફા અહીં પડી છે. સમજાણું કાંઈ? ક્યાંક એકલા જઈએ. પણ અહીં છે કે નહિ? તું તો બધે તું નો તું છો. સમજાય છે? જ્યાં જાય, ગિરીગુફામાં જાય તો તું તારા સમભાવથી દેખ તો થાય એવું છે. આ સમુદાયમાં રહીને બેઠો હોય તો તું તને એકલો દેખતો થા એવું છે. એમાં કાંઈ કોઈ બહારની ચીજ તને દખલ કરે છે કે વિષમતા ઉપજાવે એવી કોઈ ચીજ છે નહિ. આહાહા..!

એ તો ભાઈ 'બનારસીદાસજી'એ લખ્યું નથી? 'ચાહે રહો ઘર મેં...' પંડિતજી! આમ છે. 'ચાહે રહો ઘર મેં, ચાહે રહે મંદિર મેં, વન મેં મંદિર મેં' એમ છે. 'ચાહે રહો વન મેં, ચાહે રહો મંદિર મેં' એવું 'બનારસીદાસજી'નું કાંઈક છે. ઘણા બધા પાઠ કાંઈ યાદ હોય? પાછળ છે. સમજાણું કાંઈ?

આચાર્ય મહારાજ શું કહે છે? દેખો! **'હે મિત્ર!'** આહાહા..! ક્યાંથી કાઢ્યું ઈ? **'सखे'**, **'आत्मानमात्मनि सखे'** આહાહા..! આચાર્ય (કહે છે), હે સખા! મારી હારનો મિત્ર તું છો. આહાહા..! અમે પણ સ્વભાવને સાધકપણે ધ્યાવીએ છીએ ને! અને હવે સ્વભાવમાં જાઈએ છીએ, હોં! તું પણ સખો - મારો મિત્ર છો, ભાઈ! આહાહા..! કેટલી કરુણાદ્રષ્ટિથી આ મિત્ર બનાવ્યો, લ્યો! બાપા! સખા! **'સામ્યભાવની ગુફાની મધ્યમાં બેસીને અને નિર્દોષ પદ્માસન આદિ બાંધીને પોતાના જ એક આત્મામાં પોતાના જ પરમાત્મા સ્વરૂપ આત્માને તું ધ્યા. જેથી તું સમાધિનું સુખ અનુભવી શકે.'** 'અમૃતાશીતિ'નો શ્લોક છે. સામ્યભાવની ગુફા. ભાઈ! સમતાની ગુફામાં જા! જ્ઞાનમય ભગવાન શુદ્ધરૂપ એને દેખવા જાય ત્યાં ગુફાની અંદર પેઠો, એમ કહે છે. રાગથી નીકળી ગયો, સંયોગથી નીકળી ગયો. એવો ભગવાનઆત્મા અનુભૂતિ લક્ષણ એવી જે ગિરીગુફામાં પેઠો, એમાં સમભાવ પ્રગટ્યો એને સુખનો અનુભવ થાય છે. ૯૯ (પૂરી) થઈ. ૧૦૦. એ પણ સામાયિકની વ્યાખ્યા છે.

**રાગ દ્વેષનો ત્યાગ તે સામાયિક છે**

**राय–रोस बे परिहरि वि, जो समभाउ मुणेइ।**
**सो सामाइउ जाणि फुडु, केवलि एम भणेइ।।१००।।**

**રાગ–દ્વેષ બે ત્યાગીને ધારે સમતાભાવ;**
**તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ. ૧૦૦.**

**અન્વયાર્થ : (जो राय–रोस बे परिहरि वि, समभाउ मुणेइ) જે કોઈ રાગદ્વેષનો ત્યાગ કરીને સમભાવની ભાવના કરે છે (सो फुडु सामाइउ जाणि) તેને પ્રગટપણે સામાયિક જાણો (एम केवलि भणेइ) એમ કેવળી ભગવાને કહ્યું છે.**

**राय–रोस बे परिहरि वि, जो समभाउ मुणेइ।**
**सो सामाइउ जाणि फुडु, केवलि एम भणेइ।।१००।।**

**'फुडु'** ને **'लहु'** શબ્દ તો આમાં બહુ આવે છે. **'लहु'** એટલે શીઘ્ર અને **'फुडु'** એટલે પ્રગટ.**'જે કોઈ રાગદ્વેષનો ત્યાગ કરીને...'** અથર્તિ્ વિષમતાને દેખવુંજોવું છોડી દઈને. **'સમભાવની ભાવના કરે છે...'** ભગવાનઆત્મા તદ્દન વીતરાગી બિંબ છે. એ તો

જાણનાર, દેખનાર ત્રિકાળ સ્વભાવ ધારણ (કરનારું) તત્ત્વ છે. એમ જે અંતરમાં સમભાવની ભાવના કરે છે **'તેને પ્રગટપણે સામાયિક જાણો...'** એની દશામાં સામાયિક થઈ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ : ભાવના એટલે રાગ લેવો?

ઉત્તર : રાગની વાત ક્યાં છે? કોણે કીધું? ઓલો કહે છે ખરો, એ કહે છે, હોં! 'રતનચંદજી' કહે છે. આપણે પેલું નહોતું (આવ્યું)? ભાવના. શુદ્ધઉપયોગની ભાવના શ્રાવકનો સામાયિકમાં હોય છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકા. ભાઈ 'ફૂલચંદજી'એ નાખ્યું હતું કે, ભાઈ! સામાયિકમાં કોઈવાર સામાયિક આદિમાં પણ શ્રાવકને પણ શુદ્ધઉપયોગ હોય છે. અને ભાવના, ભાવનાનો અર્થ જ હોય છે. ભાવના વિકલ્પ એમાં આમ થાય, એવી ભાવના તો આખા કેવળજ્ઞાનની છે. એની ક્યાં વાત છે અહીં? આ તો શુદ્ધોપયોગનું પરિણમન સામાયિકમાં કોઈવાર, સામાયિક સિવાય પણ કોઈવાર પાંચમા ગુણસ્થાનમાં, ચોથામાં પણ એવું થઈ જાય છે. કોઈવાર એ દશા હોય છે. અંદરનાં પૂર્ણને સ્વરૂપને નિર્વિકલ્પને સ્પર્શવાનો ભાવ અમુક કાળે ન આવે તો વસ્તુ રહેતી નથી. આહાહા..! ઝીણી વાત છે. એ છે, 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. તે દિ' એક ફેરી કાઢ્યું હતું. સમજાણું?

આ ભાવનાનો અર્થ શું છે? સમભાવ. અહીં તો એમ કહ્યું છે **'राय–रोस बे परिहरि वि, जो समभाउ मुणेइ'** જાણવું, એમ છે. સમભાવની ભાવના કરે એટલે વીતરાગ પર્યાય પ્રગટ કરે. પોતાના સ્વભાવમાં... ભાઈ! આવું ટાણું, આવો કાળ મળ્યો, પ્રભુ! તારામાં પૂર્ણતા પડી છે ને પ્રભુ! ત્યાં ક્યાં ગોતવા જાવું છે? તારી નજર પડ્યે તને ન્યાલ થવાના રસ્તા છે. આહાહા..! ન્યાલ થવાનો રસ્તો ક્યાંય બહાર નથી. આહાહા..!

ભગવાનઆત્મા...! કહે છે કે, જેને રાગ–દ્વેષના વિષમતાના ભેદનું લક્ષ છોડી દઈને સમભાવને **'मुणेइ'**, સમભાવને કરે છે, ત્યાં એમ લેવું. **'मुणेइ'**નો અર્થ જાણે છે (થાય છે) પણ એનો અર્થ કરે છે (એમ લેવું). સમભાવ જે પ્રગટ કરે છે **'તેને પ્રગટપણે સામાયિક જાણો એમ કેવળી ભગવાને કહ્યું છે.'** જુઓ! એમાં ઈ નાંખ્યું. **' केवलि एम भणेइ'**. ઓલામાં **'जिनवर एम भणेइ'** (હતું). સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં સ્વપરની પૂર્ણતાનું જ્ઞાન જ્યાં પ્રગટ વ્યક્ત (થયું), શક્તિમાં હતું ઈ પ્રગટ થઈ ગયું છે, એવા પરમેશ્વરે સામાયિક આમ કહી છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

એ વસ્તુનું મહાત્મ્ય અને વસ્તુનો સ્વભાવ (એને ખબર નથી). એને આમ જાણે બહારનાં મહાત્મ્ય આડે આ આત્મા તો કોઈ ચીજ જ નથી. આ થઈ ગઈ, અધિક થઈ ગઈ, અધિક. શુભ રાગ વિકલ્પ કર્યો ને કાં વિશેષ જ્ઞાન થઈ ગયું, નવ પૂર્વનું લ્યો ને! (ત્યાં તો) આહા..હા..! (થઈ ગયું એટલે) આ અધિક થઈ ગયું, ઓલો મોટો ભગવાન રહી જાય છે ને! આખો ચૈતન્ય પિંડ એના મહાત્મ્યમાં આવતો નથી.

અહીં કહે છે કે, જ્યાં એ મહત્મ્યમાં આવ્યું ત્યાં રાગ–દ્વેષ છૂટી ગયા. એને પ્રગટ સામાયિક છે એમ કેવળી ભગવાન કહે છે. સમજાણું? **'રાગ–દ્વેષનો ત્યાગ જ સામાયિક છે.'** ઈ ભાઈ વાત કરે છે. મિથ્યાદ્રષ્ટિને એવું નથી. **'સમ્યગ્દ્રષ્ટિનો ભાવ બદલાઈ જાય છે.'** ત્યાંથી શરૂ કરીએ. મિથ્યાદ્રષ્ટિમાં રાગ ને અલ્પજ્ઞતા ને સંયોગનાં અસ્તિત્વમાં જ મારું અસ્તિત્વ છે એમ સ્વીકારે છે. મિથ્યા નામ અસત્ દ્રષ્ટિવાળો સંયોગમાં કાં વિકારમાં કાં અલ્પજ્ઞ આદિ પયર્યિમાં પોતાનું હોવાપણું સ્વીકારે છે. તેથી તેને અસત્ દ્રષ્ટિમાં રાગ–દ્વેષ સાથે જ વસેલા છે. એને આ અલ્પજ્ઞ દેખે ત્યાં અરે..! આવો? (એમ થાય). વિશેષ દેખે તો, આહાહા..! પંડિત છે, અધિક છે (એમ થાય). પર્યાયથી અધિક–ઓછો દેખે ત્યાં એને (રાગ–દ્વેષ થયા વિના) રહે નહિ. હીણો દેખો તો ઉં..હું.. (થાય). પણ એ બધી દ્રષ્ટિ એને પોતાની પર્યાયની દ્રષ્ટિ છે તો બીજાના પર્યાયનાં ભેદો આવા દેખતા એને નાના–

મોટાપણું દેખીને રાગ-દ્વેષ કર્યાં વિના રહેતો નથી. સમજાણું કાંઈ?

**'સમ્યગ્દ્રષ્ટિનો ભાવ બદલાઈ જાય છે. તે સંસારના સુખનો શ્રદ્ધાવાન રહેતો નથી.'** આહાહા..! દ્રષ્ટિમાં જેની વિપરીતતા છે એનો ઉલ્લાસ પુણ્યના પરિણામમાં, પાપના પરિણામમાં, એના બંધમાં અને એનાં ફળમાં એ ઉલ્લસિત વીર્ય એનું ત્યાં રોકાય ગયેલું છે. આહાહા..! એટલે પરમાં જ સુખને કલ્પે છે. હાશ કરીને માને છે ને? ઠીક કરીને માને છે ને? પુણ્ય-પાપના પરિણામ, અલ્પજ્ઞતા કે નિમિત્તતા એમાં ઠીક કરીને માન્યું એટલે એમાં સુખ માન્યું. પણ આત્મા આનંદમૂર્તિ છે-મારામાં આનંદ છે એવું એણે માન્યું નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો પણ એ આનંદ ક્યાંય માનતો નથી, હોં! આહાહા..! અરે..! એ તે દ્રષ્ટિની કેટલી કિંમત! આહાહા..! જેના આનંદનાં ભેટા ભગવાનમાં ભાળે છે એ છન્નુ હજાર (સ્ત્રીના) ભોગમાં દેખાતો હોય (પણ એની) દ્રષ્ટિ ગુલાંટ ખાઈ ગઈ છે. **'ભાવ બદલાઈ ગયો છે. તે સંસારના સુખનો શ્રદ્ધાવાન રહેતો નથી.'** આહાહા..! આ ઈન્દ્રો આવીને આમ માન આપે. કોને માન? આનંદની ઉલ્લસિત વીર્યની સ્ફુરણા તો મારામાં પડી છે. એટલે આ ઈન્દ્રો આ છે તે મને ઠીક માને છે એવો વિકલ્પ કરવાનું ત્યાં રહેતું નથી. એને કારણે રહેતું નથી, કોઈ નબળાઈને કારણે આસક્તિથી અસ્થિરતા થઈ જાય એ ચારિત્ર દોષ છે, આને કારણે થાય એ મિથ્યાદ્રષ્ટિનો દોષ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ : ઈષ્ટ માને છે.

ઉત્તર : ઈષ્ટને માનતો જે કહે છે કે વિકાર મને એને લઈને થયો (એ) દ્રષ્ટિ મિથ્યાત્વ છે. વસ્તુ ઈષ્ટ-અનિષ્ટ છે નહિ. વસ્તુ જ્ઞેય છે. જ્ઞેયના બે ભાગલા પાડે છે એ મિથ્યાદ્રષ્ટિ (ભાગલા) પાડે છે. આ મને ઠીક છે એટલે એને રાગ થયા વિના રહે જ નહિ. આ મને અઠીક છે તો દ્વેષ થયા વિના રહે નહિ. જ્ઞાનીને જ્ઞેયના બે ભાગ છે જ નહિ. જ્ઞાની જ્ઞેયને જ્ઞેય તરીકે જાણે, ઈષ્ટ-અનિષ્ટ એની બુદ્ધિમાં છે નહિ. પણ નબળાઈને લઈને ઈષ્ટ-અનિષ્ટની વૃત્તિઓ ઉઠી જાય એ પરને કારણે નહિ. ઈષ્ટ-અનિષ્ટ પદાર્થને કારણે નહિ અને સ્વભાવને કારણે નહિ, કમજોરીને કારણે જરી (રાગ) ઉભો થઈ જાય (એ) આસક્તિનો ચારિત્રદોષ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'સમ્યગ્દ્રષ્ટિનો ભાવ બદલાઈ જાય છે.'** પલટી જાય છે, દ્રષ્ટિમાં પલટો ખાય છે. આહાહા..! **'સંસારના સુખનો શ્રદ્ધાવાન રહેતો નથી.'** ક્યાંય એને સુખ શ્રદ્ધામાં ભાસતું નથી. ભગવાનઆત્મામાં આનંદ ભાસે છે. આહાહા..! જેના ઈન્દ્રો મિત્રો હોય, ચક્રવર્તીને ઈન્દ્રો મિત્ર હોય. સિંહાસનમાં આવીને ભેગા બેસે. (તેમાં) ક્યાંય સુખબુદ્ધિ દેખાતી નથી. આહાહા..! હીરાના સિંહાસન હોય. એ તો ચક્રવર્તી છે ને! હીરાના સિંહાસન (હોય). ઈન્દ્ર આવીને (બેસે છે). પધારો.. પધારો. ઉપરથી ઈન્દ્ર (આવે), ભેગા બેસે. ... મિત્ર. તો એમાં આ ઠીક થયું એમ દ્રષ્ટિમાં છે જ નહિ. આહા..! એ બધા પૂર્વનાં પુણ્યનાં ખેલ મારા જ્ઞાનમાં જ્ઞેય (છે), એ જાણવા લાયક છે. સમજાણું કાંઈ? એ મારો નિવાસ, મારો વાસ છે ત્યાં મારો નિવાસ છે. મારો વાસ તો સ્વભાવમાં, આનંદમાં છે. ત્યાં મારો નિવાસ (છે). આ રાગ ને આ સંયોગમાં હું છું જ નહિ. સમજાણું કાંઈ? એમ સમ્યગ્દ્રષ્ટિની શ્રદ્ધા પલટી ગઈ છે.

મિથ્યાદ્રષ્ટિની અનાદિથી બીજી (શ્રદ્ધા છે). એને જ્યાં હોય ત્યાં સુખ ભાસે છે. ભગવાનમાં સુખ ન ભાસતા જ્યાં-ત્યાં સુખ ભાસે છે. પુણ્ય પરિણામમાં ને પાપ પરિણામમાં ને સંયોગો સારા મિત્રો મળ્યા, બાયડી મળી કે ... મળ્યું, પદમણી જેવી મળી, પૈસા મળ્યા તો સુખ ભાસે છે. કેમ હશે 'મૂળચંદભાઈ'? આ પૈસાવાળાને પુછીએ. હેં? 'ધીરૂભાઈ'! ગાંડાનાં ઈસ્પીતાલમાં ગાંડા ગાંડાને ડાહ્યા કહે. હેં? પાગલની ઈસ્પીતાલ હોય... આહાહા..!

પાગલપણું એટલે? જ્યાં આત્મામાં આનંદ છે ત્યાં ન માનતા બીજે આનંદ માને એ મિથ્યાદ્રષ્ટિ પાગલ

છે. આહાહા...! 'સમાધિશતક'માં તો 'પૂજ્યપાદસ્વામી'એ ત્યાં સુધી લીધું છે કે, ભાન દ્રષ્ટિનું છે છતાં વિકલ્પ એવો થાય કે, હું આને સમજાવું એથી સમજશે, હું એનાથી સમજું. કહે છે કે પાગલ છે વિકલ્પમાં. 'સમાધિશતક'માં કહ્યું છે. એ પાગલ ઉન્માદ છે. ઉન્માદ છે.

ભાઈ! ક્યાં જ્ઞાનમૂર્તિ પ્રભુમાં પરની વિષમતાથી હોંશ અને પ્રતિકૂળતાથી ખેદ એ વસ્તુમાં નથી અને એ ચીજમાં પણ નથી. એ ચીજો જે છે એમાં હોંશ કરવાની વૃત્તિનું કારણ એ નથી, શોક કરવાનું કારણ એ નથી અને હોંશ ને શોક કરવાની ચીજ આત્મામાં પણ નથી, પયર્યિમાં ઉભી કરે છે. પર્યાયદ્રષ્ટિવાળો આ સુખ, અહીં સુખ (છે), અહીં સુખ (છે એમ વૃત્તિ ઉભી કરે છે). સમ્યગ્દ્રષ્ટિની દ્રષ્ટિ પલટી ગઈ છે. પરમાં ઠીકપણાની હોંશની શ્રદ્ધા બળી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તેને અતીન્દ્રિય આત્મિક આનંદની ગાઢ શ્રદ્ધા હોય છે. તે એક માત્ર સિદ્ધ દશાનો જ પ્રેમી રહે છે.'** મારી દશા જેવો દશાવાન છું તેવી દશા થાય, તે જ ભાવનાવાળો સમકિતી છે. એ રાગની ભાવના અને અલ્પજ્ઞ રહેવાની ભાવના હોતી નથી. સર્વજ્ઞ કેમ વીતરાગ થયા ને સર્વજ્ઞ થયા? એ અલ્પજ્ઞ અને રાગમાં કેમ ન રહ્યા? એણે અલ્પજ્ઞ અને રાગનો અભાવ કરીને સર્વજ્ઞ વીતરાગ થયા. એના ઉપદેશમાં પણ એ આવ્યું, અલ્પજ્ઞ ને રાગની દ્રષ્ટિ છોડ અને સર્વજ્ઞ સ્વભાવની દ્રષ્ટિ કર, સર્વજ્ઞ થા ને વિજ્ઞાનઘન થા! સમજાણું કાંઈ? એવા સમ્યગ્દ્રષ્ટિ અતીન્દ્રિય પ્રેમી છે. **'તે સંસાર, શરીર અને ભોગો પ્રત્યે સંપૂર્ણ વિરક્ત થઈ જાય છે.'** સમજાય છે? માટે તેને સમતા (હોય છે). અંદરમાં સમ્યગ્દર્શનનાં પ્રમાણમાં સમતા અને આગળ વધતાં ચારિત્રદોષ ટળીને સમભાવની સ્થિરતા થાય અને વીતરાગપણાની સમતા (થાય) એને સામાયિક કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(મુમુક્ષુ : પ્રમાણ વચન ગુરુદેવ!)

*

---

**(પાના નં ૧૬ થી આગળ... )**

સ્વાધ્યાય ચાલે છે, માટે આપણું ધ્યાન નથી જતું. નહિતર સ્વલક્ષવાળાને પોતાને લાગુ પડતી વાત ઉપર ધ્યાન ન જાય એવું નથી બનતું. પણ એ તો તરત પકડી લ્યે છે કે આ વાત મને લાગુ પડે છે મારે સુધાર કરી લેવો છે. આ મારી ગડબડ છે એમાં ફેરફાર કરી નાખવાનો છે. સ્વલક્ષવાળો તરત જ અમલીકરણમાં આવે છે. એમ વાત છે. થોડા વિશેષ વિસ્તારથી લઈશું - (આજનો સમય સમાપ્ત થાય છે).


## આભાર

**'સ્વાનુભૂતિપ્રકાશ' (ઑક્ટોબર–૨૦૨૩, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ**
**ડૉ. મહેશભાઈ જયંતિલાલ મહેતા તથા ડૉ. ગીતાબેન મહેશભાઈ મહેતા,**
**કાંદીવલી–મુંબઈતરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,**
**જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.**

**(પાના નં ૧૭ થી આગળ... )**

છે.

પ્રશ્ન :- એમ કે આપણા મોક્ષમાર્ગના ત્રણ અંગ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. એમાં પ્રધાનતા સમ્યગ્દર્શનને આપીએ છીએ. એવી એમાં વિશેષ (કોઈ વાત છે)?

ઉત્તર :- એનું મુખ્ય કારણ કે એનો શ્રદ્ધાનો વિષય જ છે. દૃષ્ટિનો વિષય એ શ્રદ્ધાની મુખ્યતા છે માટે. જ્ઞાનનો જાણવાનો વિષય છે. જાણવાનું કાર્ય કરવું એ જ્ઞાનનો વિષય છે. અને શ્રદ્ધાનું કાર્ય કરવું એ દૃષ્ટિનો વિષય છે. એટલે શ્રદ્ધાની મુખ્યતાથી લેવાય છે એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. પહેલા જ્ઞાન તો કરતું હોય પણ જો શ્રદ્ધા ન હોય બરાબર તો એ જ્ઞાન એકલું કામ નથી કરતું. શ્રદ્ધા જોરદાર હોય તો જ કામ થાય છે. પણ શ્રદ્ધા જોરદાર હોય પણ જ્ઞાન જો બરાબર કામ ન કરે તો શ્રદ્ધા પણ ખોટી પડે છે. એ બેને અરસપરસ સંબંધ છે.

પ્રશ્ન :- પહેલા વિકલ્પપૂર્વકનું જ્ઞાન તો યથાર્થ હોવું જોઈએ. એ ન હોય તો દૃષ્ટિ જ મિથ્યાત્વ છે.

ઉત્તર :- હા દૃષ્ટિ મિથ્યા છે.

પ્રશ્ન :- જી. પણ એટલું થયા પછી મોક્ષમાર્ગમાં મુખ્યપણે સમ્યગ્દર્શન વિશેષ કાર્યકારી છે એમ કહી શકાય ખરું?

ઉત્તર :- સમ્યગ્દર્શન વિશેષ કાર્યકારી છે. પણ જ્ઞાન પણ કાર્યકારી છે. પણ સમ્યગ્દર્શનની મુખ્યતા છે. એનું જોર પોતાના અસ્તિત્વ ઉપર છે. એ એક જ કાર્ય કરે છે. માટે.

પ્રશ્ન :- એકને જ ગ્રહણ કરે છે.

ઉત્તર :- એકને જ ગ્રહણ કરે છે. એક ઉપર જોર દઈને એ ચાલનાર છે માટે એ મુખ્ય કામ કરે છે.

(તત્ત્વચર્ચાનો શેષ અંશ આવતા અંકમાં..)

---


## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૯૧મી જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આગામી ૯૧મી જન્મ જયંતી માગશર સુદ-૪, તા. ૧૬-૧૨-૨૦૨૩ થી માગશર સુદ-૮, તા. ૨૦-૧૨-૨૦૨૩ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૧૯-૧૨-૨૦૨૩ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

**સંપર્કઃ શ્રી રાજેન્દ્રભાઈ જૈન, મો. ૯૮૨૫૧૫૫૦૬૬**

**કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨બી, શશીપ્રભુ ચોક,** રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧

# શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૨૮ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું તાઃ ૨૭-૧૨-૯૭ કોઈમ્બતુરમાં થયેલ પ્રવચન



હવે સ્વાધ્યાયમાં ચાલતાં પત્રમાં જ્યાંથી આગળ વધવાનું છે. **''ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી.''** પ્રતિક્ષણ આપણાં પરિણામો વિચિત્ર પ્રકારે પલટતા રહે છે. ચિત્ર-વિચિત્રતા ઘણી છે. એક જ ચીજ એક વખતે રુચે છે અને તેની તે જ બીજે વખતે અરુચિનું કારણ થાય છે. જીવ જેના ઉપર રાગ કરે છે તેની ને તેની ઉપર જ પાછો દ્વેષ કરે છે. એક જ વ્યક્તિ હોય, એક જ પદાર્થ હોય, છતાં જીવના પરિણમનનું કોઈ ઠેકાણું નથી. અહીં કહે છે કે હવે એવું પરિણમન નથી જોઈતું. મને તો શાંત, નિરાકુળ, શાંતિમય પરિણમન જોઈએ છે કે જે અમૃતની ધારા છે. તે સુખ-શાંતિનું અમૃત જ મારે પીવું છે. આ આકુળતા / ઝેર મને ન જોઈએ. **''અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું.''** વિકલ્પની આકુળતા એટલી બધી થઈ રહી છે કે વિકલ્પથી શૂન્ય થવા માંગું છું કે એક વખત તો વિકલ્પ શૂન્યાવસ્થાને પ્રાપ્ત થઈ જાય તો સારુ એવી મારી ભાવના છે. ભાવનાનો વિષય લીધો. **''તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું.''** સંતનો સમાગમ કે જ્ઞાનીનો સમાગમ એ સિવાય કાંઈ નથી જોઈતું. નિર્વિકલ્પદશામાં અવાય તેવી યોગ્યતામાં ન આવી શકાય ત્યાં સુધી તે અર્થે સંતસમાગમ મને જોઈએ.

પ્રશ્ન : અમુક કાળ એટલે શું ?

પૂ. ભાઈશ્રી : અમુક કાળ એટલે કે નિર્વિકલ્પ થવું છે. છેવટે શું કરવું છે? નિર્વિકલ્પ થવું છે. સ્વરૂપમાં જામી જવું છે. તેથી વચ્ચે વચ્ચે જે કાંઈ આવે છે તે સાદીશાંત અમુક કાળ પર્યંત જ આવે છે. જો તેવો સત્સમાગમ પણ ન મળે તો **''તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું.''** મુમુક્ષુનો સત્સંગ, જ્ઞાનીનો- સંતનો સમાગમ, ન મળે તો છેવટે મુમુક્ષુ મુમુક્ષુ વચ્ચે સત્સંગ તો હોવો જોઈએ. આ સત્સંગ મુમુક્ષુનો ખોરાક છે. જો સત્સંગ નિયમિતરૂપે નહીં થાય, દરરોજ નહીં થાય, તો અસત્સંગથી મનુષ્ય ઘેરાયેલો છે જ. અસત્સંગથી તેના પરિણામ નીચે ઊતરી જશે એ વાત બનશે. માટે સત્સંગ તો હંમેશાં-હંમેશાં હોવો જ જોઈએ. જો સત્સંગ પણ ઉપલબ્ધ ન હોય તો **''તે ન હોય તો આર્યાચરણ (આર્યાપુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું.''** સત્સંગ પણ ન મળે તો ઓછામાં ઓછું વિચારી રાખવું કે મારુ જે જીવન છે, ઉપજીવન છે એમાં સદાચરણ બની રહે. નહિતર પરિણામમાં ગડબડ બહુ થઈ જશે અને આજકાલ તો પરિસ્થિતિ બહુ જ, બિલકુલ ગડબડવાળી છે. આ જે પરિણામ છે તે નીચે પડવા લાગશે. એટલે તેને સંભાળવાના છે. સત્સંગ ન મળે તોપણ આપણે પોતાના પરિણામની સાવધાની રાખવાની છે. સત્સંગ હોય તો તો સત્સંગની મદદ પણ મળે પરંતુ સત્સંગ ન હોય તો પોતાનું વિચારબળ જ કામમાં આવે છે. તે જ આત્મબળ છે. તેનાથી આપણાં પરિણામને સંભાળવાના છે.

પ્રશ્ન : સંગ અનેક પ્રકારના છે ?

પૂ. ભાઈશ્રી : વાત ઠીક છે. સંગના અનેક વિશેષણ છે. પરમસત્સંગ, અસત્સંગ, સત્સંગ અને કુસંગ. એમ ચાર તેના પ્રકાર છે. જ્ઞાનીપુરુષના સંગને પરમ સત્સંગ કહેવામાં આવે છે, પોતાનાથી વિશેષ ગુણવાન, અર્થાત્ આગળ વધેલાં મુમુક્ષુના સંગને સત્સંગ કહેવામાં આવે છે. અથવા પોતાની બરાબરીમાં જે મુમુક્ષુ હોય તેના સંગને પણ સત્સંગ કહેવાય છે. પછી જે અયોગ્યતાવાળા હોય, સંસારની રુચિવાળા હોય અથવા પોતાના પરિવારના હોય કે મિત્ર મંડળવાળા હોય, સમાજવાળા હોય, બજારવાળા હોય તે બધા સંગ અસત્સંગમાં જાય છે. તેવા સંગને અસત્સંગ ગણાય છે અને તેનાથી પોતે ઘેરાયેલો છે.

પ્રશ્ન : પરિવારવાળાના સંગને શું ગણવો ?

પૂ. ભાઈશ્રી : પરિવારમાં આત્મકલ્યાણની ભાવનાવાળા કોઈ હોય તો સત્સંગ છે નહીંતર અસત્સંગ છે. મોટે ભાગે, બહુભાગ અસત્સંગ ઘરમાંથી જ શરૂ થઈ જતો હોય છે અને બાકી પછી ક્યાંય પણ બજારમાં જાય, સમાજમાં જાય, મિત્રમંડળમાં જાય, પાર્ટીમાં જાય તે બધો અસત્સંગ છે. સત્સંગનો અભાવ તે જ અસત્સંગ છે અને જે લોકો દેવ–ગુરુ–શાસ્ત્ર અને સત્પુરુષનો વિરોધ કરતાં હોય, તીવ્ર દોષના પરિણામવાળા હોય તેવા જીવોના સંગને કુસંગ કહેવામાં આવે છે. શાસ્ત્રમાં જેટલો સત્સંગનો મહિમા છે તેટલો જ કુસંગનો નિષેધ કરવામાં આવ્યો છે. સત્સંગમાં આનંદ અમૃત મળે છે. જ્યારે કુસંગમાં ઝેરથી પણ વધારે નુકસાનકર્તા ચીજ મળે છે, કે જેની ઉપમા નથી મળતી. ઝેરની ઉપમા પણ ઓછી પડે છે. એટલા માટે કે કોઈ માનો ઝેર પી જાય છે તો એક વખત મરે છે. જ્યારે કુસંગમાં જવાવાળો, કુસંગની અસરમાં આવવાવાળો અનંત સંસાર વધારી દે છે. કેટલો ? અનંત સંસાર તેનો વધી જાય છે. અનંત જન્મ–મરણ થાય છે અને અનંત સંસારી થાય છે. માટે કુસંગથી સાવધાન રહેવું.

પ્રશ્ન : ધર્મવિરોધીઓને હળવા–મળવામાં કુસંગ–દોષ લાગે છે શું ?

પૂ. ભાઈશ્રી : હળવા–મળવામાં તો શું છે કે ઉદયવશાત ક્યારેક મળવું થઈ જાય પરંતુ તે મળવું જ્યારે સારું લાગે છે ત્યારે તેને સંગ કહેવાય છે. શું ? મળવાનું તો થઈ જાય, ક્યારેક પ્રસંગવશાત્ મળવાનું બની પણ જાય તે પૂર્વકર્મની વ્યવસ્થા છે. ઠીક છે, એમાં કાંઈ આપણું ચાલે નહી, પણ આપણે સામે ચાલીને મળવા જઈએ એ મળવું આપણને સારું લાગે, તે કુસંગની રુચિ છે. તેની અસર આવ્યા વગર રહેશે નહીં. એટલે કુસંગથી બચવું નહીંતર અનંત જન્મ–મરણનું તે કારણ છે.

પ્રશ્ન : સત્સંગની રુચિમાં અન્ય સંગ ન રુચે એવું હોય છે ?

પૂ. ભાઈશ્રી : એ તો છે જ. સત્સંગની રુચિ, અસત્સંગ અને કુસંગની અરુચિ સહિત જ હોય છે, automatic સહજ એમ હોય છે એ તેનું બીજું પડખું છે.

હવે જો આ સદાચરણના પરિણામ પણ બરાબર ન રહેતાં હોય તો **''તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું''** કૃપાળુદેવે આ પણ એક માર્ગદર્શન આપ્યું છે કે જો તારા પરિણામ સત્સંગના અભાવમાં ન ઇચ્છવા છતાં નીચે પડતા જતાં હોય તો શુદ્ધભાવથી એટલે કે શુદ્ધ હેતુથી એટલે કે પોતાના સુધારના શુદ્ધ અભિપ્રાયથી જિનભક્તિમાં લીન રહેવું. જિનભક્તિ કરવી. જિનેન્દ્રની જે ભક્તિ છે તેમાં જિનેન્દ્ર પરમાત્માના ગુણાનુવાદ જે છે તે એક ન્યાયથી આત્માના જ ગુણાનુવાદ છે. ''जिन सो ही आत्मा, अन्य होय सो कर्म, (कर्म कटे) जिन प्रवचनसे'' જેના પ્રવચનથી કર્મ કપાય ''वही तत्त्वज्ञानीका मर्म'' કૃપાળુદેવે એક પદ બનાવ્યું છે. જિન સોહી આત્મા. બનારસીદાસજીએ પણ એ વાત લખી છે. **''ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન''** ઘટ ઘટ અંતર જિન બસે– બધાંયની અંદર પરમાત્મા બેઠો છે, પણ દ્રષ્ટિ હોવી જોઈએ અને ઘટ ઘટ અંતર જૈન – બધા જૈન જ છે, કોઈ અન્યમતિ છે જ નહીં.

હું જ્યારે first time (પહેલી જ વખત) સોનગઢ ગયો હતો તો પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનના સમયે પહોંચ્યા હતાં. પ્રવચન પૂરું થયા પછી બહેનો બધા ચાલ્યા જાય,

ભાઈઓમાં પણ ઘણાં ખરાં ભાઈઓ ચાલ્યા જાય અને દસ-પંદર જણ ખાસ-ખાસ રસ ધરાવતાં હોય તે પૂ. ગુરુદેવશ્રી પાસે બેસતાં હતાં. હું પણ બેઠો હતો. હું તો કુતૂહલવૃત્તિથી ગયો હતો, પરીક્ષાદ્રષ્ટિથી ગયો હતો. કે લાવ અધ્યાત્મની વાતો તો કરે છે ખરેખર શું છે જરા જોઈએ તો ખરા ? પૂજ્ય ગુરુદેવશ્રીએ જોઈ લીધું કે કોઈ એક અપરિચિત વ્યક્તિ પણ બેઠી છે એટલે મને જોઈને પૂછ્યું કે આ ભાઈ કોણ છે ? ક્યાંથી આવ્યાં છે ? ત્યારે હું જેની સાથે ગયો હતો તેણે જવાબ આપ્યો; હું તો કંઈ ન બોલ્યો, તેમણે કહ્યું મારી સાથે આવ્યાં છે. ભાવનગરથી આવ્યા છે. વૈશ્નવ છે પણ જૈન ધર્મમાં સારી રુચિ ધરાવે છે. સંક્ષેપમાં એટલો પરિચય આપ્યો. તો ગુરુદેવશ્રી શું બોલ્યા! કે 'અહીંયાં તો કોઈ જૈન પણ નથી અને અજૈન પણ નથી બધાં આત્મા જ આત્મા છે' (મેં તો પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં) એક આત્મા જ સાંભળ્યો છે અને બીજા પણ અનેક પ્રકારના ન્યાય આવતાં, કંઈક પ્રકારની વાતો આવતી પરંતુ મારું ધ્યાન એક જ જગ્યાએ રહેતું, બીજા વિષયમાં એટલું હું ધ્યાન નહોતો આપતો.

એવી જિનભક્તિ હોવી જોઈએ અને **''તે ન હોય તો માગવાની ઈચ્છા પણ નથી..''** ઓછામાં ઓછું આટલું તો હોવું જોઈએ એ પ્રકારે ઊતરતા ક્રમમાં મુમુક્ષુજીવના પરિણામ કેવાં પ્રકારના હોવા જોઈએ. એ બતાવ્યું છે.

પ્રશ્ન : અહીંયાં સ્વાધ્યાય (આદિની) વાત નહીં કરતાં જિનભક્તિની વાત કહી છે એમાં શું રહસ્ય છે ?

પૂ. ભાઈશ્રી : જેની સ્વાધ્યાયની ક્ષમતા જ ન હોય એણે શું કરવું ? કારણ કે એકલાં-એકલાં તો એના પરિણામ સદાચરણરૂપ નથી રહેતાં પરંતુ, અહીંયાં-ત્યાં પરિણામ ચાલી જાય છે. વેપાર કરું, આ કરું, તે કરું, પરિવારમાં આ પ્રકારની વ્યવસ્થા કરું, ધંધામાં આ પ્રકારની વ્યવસ્થા કરી દઉં. એ બધું ચાલવા લાગે છે. તેના માટે જિનભક્તિ ઠીક છે. અને શાસ્ત્ર સ્વાધ્યાયનું તો એવું છે કે પોતે કેવી રીતે નક્કી કરશે કે મારી યોગ્યતા મુજબ મારે ક્યો ગ્રંથ સ્વાધ્યાય કરવા લાયક છે ? તે પોતે નક્કી કેવી રીતે કરશે ? પછી જે કોઈ પણ ગ્રંથ હાથમાં આવે અને વાંચવા લાગે તો એમ કરવાથી તો ગડબડ થવાની છે. બહુભાગ કલ્પનામાં ચડી જશે. એટલે સત્શાસ્ત્ર છે તે અમુક યોગ્યતા પછી જ ઠીક છે બધાને માટે ઠીક નથી.

હવે થોડાંક સૂત્રો લખ્યાં છે. ''ગમ પડ્યાં વગર આગમ અનર્થકારક થઈ પડે છે'' જુઓ એ જ વાત લખી છે. તમને જે પ્રશ્ન ઊઠ્યો છે, એનો જ ઉત્તર અહીં આવે છે. શું ? પત્રની રચના કેવી (સુંદર) છે જુઓ ! એટલે શાસ્ત્ર સ્વાધ્યાયની વાત એમાં નથી લીધી. શાસ્ત્ર સ્વાધ્યાયની વાત કેમ નથી આવી ? કે ગમ પડયાં વગર આગમ અનર્થકારક એટલે કે નુકસાનનું કારણ થાય છે. ગમ એટલે શું ? ગુરુગમ. ગમ એટલે ગુરુગમ. જ્ઞાનીપુરુષ પાસે શાસ્ત્ર વાંચવાની કોઈ ચાવી હોય છે એ ચાવી મળી જવી જોઈએ, પછી જ શાસ્ત્ર સ્વાધ્યાય કરવો યોગ્ય છે, નહીંતર માત્ર બુદ્ધિ હોવાથી કોઈ શાસ્ત્ર વાંચન કરી લ્યે તો અનર્થ જ કરે. વળી શાસ્ત્રમાં પરસ્પર વિરુદ્ધ કથન પુષ્કળ આવે છે. સમાધાન કેમ કરશે ? જુદાં જુદાં જ્ઞાનીઓએ પોત-પોતાની શૈલીથી શાસ્ત્રો લખ્યાં છે. એક જ્ઞાનીની વાતથી બીજા જ્ઞાનીની વાત મેળ નથી ખાતી એવું લાગશે ત્યારે શું કરશે ? ત્યારે વધુ વિચારના, સંકલ્પ-વિકલ્પના ચક્કરમાં ફસાશે. એટલે ગમ પડયાં વગર આગમ અનર્થકારક થઈ પડે છે. કૃપાળુદેવે તો માર્ગને ખૂબ જ સરળ કરી દીધો છે. કે તું સત્સંગમાં રહે. શાસ્ત્રની વાત પહેલાં નહીં કરતાં તું સત્સંગમાં રહે બસ ! (એમ કહે છે)

શ્રોતા : પૂ. બહેનશ્રીના વચનામૃતમાં પણ આવે છે કે સત્પુરુષના ચરણમાં રહેવું, મહાપુરુષના ચરિત્રનું સ્મરણ કરવું.

પૂ. ભાઈશ્રી : હા ! બરાબર છે. તે કથાનુયોગ છે. મહાપુરુષોના ચરિત્ર એટલે કથાનુયોગ. તેમ છતાં ગ્રંથ વાંચવો હોય તો કથાનુયોગનો વાંચવો, ભાવનાનો વાંચવો હોય તો બાર ભાવનાનો વાંચવો. એ ઠીક છે. શરૂઆત વાળાઓ માટે એ ઠીક છે.

પ્રશ્ન : ચાવી કઈ છે ?

પૂ. ભાઈશ્રી : ચાવી તો એ છે કે ''આત્મકલ્યાણની અવગાઢ ભાવના'' હોવી. તે પછી જ્ઞાનમાર્ગની પ્રાપ્તિ

થાય છે. શાસ્ત્ર છે તે જ્ઞાનમાર્ગ છે. શું છે ? જ્ઞાનમાર્ગ છે. અને એવી અવગાઢ દશા આવ્યા વિના શાસ્ત્ર વાંચવામાં બહુ જોખમ છે, બહુ જ જોખમ છે. ૬૯૩ નંબર પત્ર છે. એમાં એ વાત કૃપાળુદેવ કહે છે. 'જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે' સહેલો નથી. શાસ્ત્ર વાંચીને આત્મકલ્યાણ કરવું સહેલું નથી, પણ દુરારાધ્ય છે. પરમ અવગાઢ દશા પ્રાપ્ત થયા પહેલાં જ્ઞાનમાર્ગમાં પડવાનાં ઘણાં સ્થાનો છે. પડવાના ઘણાં ઠેકાણાં છે. પહેલી વહેલી તો શંકા થશે તો એમ થશે કે કહેવાવાળાએ આવું શા માટે કહ્યું ? કહેનાર પર શંકા થઈ આવશે કે આ વાત મને બરાબર નથી લાગતી. એ પ્રકારે કહેનાર ઉપર શંકા થઈ આવશે અને વિકલ્પ વધશે. જો સમાધાન નહીં થાય તો વિકલ્પ વધી જાશે. સ્વચ્છંદપણું આવી જશે. જેમકે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી માટે દયા કરવાની શી જરૂર છે ? પૂજા–ભક્તિ કરવાની શી જરૂરિયાત છે ? સત્સંગ કરવાનું પણ શું કારણ છે ? કે જ્યારે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી એ પ્રકારે સ્વચ્છંદમાં ચાલ્યો જશે.

પ્રશ્ન : પરમ અવગાઢ ભાવનાનું કયું stage છે?

પૂ. ભાઈશ્રી : પહેલેથી આત્મભાવનામાં, તીવ્ર આત્મભાવનામાં આવવું જોઈએ અને એને stage ની દ્રષ્ટિએ જોવામાં આવે તો પરિભ્રમણની વેદનાથી શરૂઆત થાય છે અને ખાસ કરીને પૂર્ણતાના લક્ષથી શરૂઆત થાય છે. પૂર્ણતાનું લક્ષ બાંધતી વખતે ભાવના ખૂબ જ અવગાઢ બને છે. પછી મારું જે લક્ષ છે એ લક્ષપૂર્વક આ વાત લખાયી છે, એ પ્રકારે વાત અને આશય પક્કડમાં આવે છે. શાસ્ત્રકર્તાનો આશય પકડી શકાય છે, નહીંતર તર્ક અને વધુ ઉઘાડવાળો હોય તો અતિપરીણામીપણુ આવી જાય જેમકે જાણકારી થઈ એટલે કે જાણે જ્ઞાન થઈ ગયું. પછી કહેવા લાગે કે તમે એમ કરો તમારી જાતને જ્ઞાતા–દ્રષ્ટા માની લ્યો–બસ ! જ્ઞાતા–દ્રષ્ટા છું, જ્ઞાતા–દ્રષ્ટા છું, જ્ઞાતા–દ્રષ્ટા છું, જ્ઞાતા–દ્રષ્ટાપણું તો આવ્યું ન હોય પણ અતિપરીણામીપણું થઈ જાય જાણે કે પરિણમન એ પ્રકારે હોય એમ વાત કરવા લાગે છે. આવી બધી જુદા જુદા પ્રકારની ભૂલો વારંવાર તે માર્ગથી (જ્ઞાનમાર્ગ) પડવાનું કારણ બને છે, અને આગળ વધવા દેતી નથી. એટલે કહ્યું કે પરમ અવગાઢ દશામાં આવ્યા વગર જ્ઞાનમાર્ગે કોઈ આગળ વધી શકતું નથી.

પરમ અવગાઢ દશામાં સૌથી પહેલાં એ વાત પણ આવે છે જેમકે કોઈને પ્રારંભમાં જ પરમ અવગાઢ દશા આવી કે મારે આત્મકલ્યાણ કરી લેવું છે, બસ ! મારે હવે આત્મકલ્યાણ કરી જ લેવું છે – તેને સૌથી પહેલાં એવો ભાવ આવે છે કે જેણે આત્મકલ્યાણ કર્યુ છે તેમના ચરણમાં મારે જઈ રહેવું છે. તેને very first thought (સૌથી પહેલો વિચાર) એ આવે છે. તે કોઈ ગ્રંથને હાથમાં નહીં લ્યે. તે કોઈ અન્ય પ્રયોગમાં પણ નહીં ચડે. પહેલાં એને એમ થશે કે મારે જ્ઞાનીનો સંગ જોઈએ. જેણે રસ્તો જોયો છે એની સાથે ચાલવું છે અર્થાત્ મારે મારી મનમાની કરવી નથી. અવગાઢ દશામાં એ વાત આવે છે. પછી જ્ઞાની બતાવે છે કે તારે લાયક ફલાણો ગ્રંથ છે, તારે લાયક ફલાણો ગ્રંથ છે તું એનો સ્વાધ્યાય કર, તું એનું વાંચન કર.

કૃપાળુદેવ તો એટલાં બધા વિચક્ષણ હતાં કે અન્યમતના ગ્રંથ વાંચવા માટે પણ ભલામણ કરતાં હતાં. 'યોગવશિષ્ટ'નું પહેલું અને ત્રીજું પ્રકરણ વાંચજો, બાકીના પ્રકરણ તમારે વાંચવા લાયક નથી. પોતે 'મોક્ષમાર્ગપ્રકાશક' વંચાવતા હતાં. તો એમાં શું છે કે ટોડરમલ્લજીસાહેબે શ્વેતાંબર મતનો જોરદાર નિષેધ કર્યો છે. દરેક અન્ય જૈનેતર મતનો (પણ નિષેધ કર્યો છે) શ્વેતાંબર અને સ્થાનકવાસીને જૈનેત્તરમાં લીધા છે. અને બીજા જૈનના ઈત્તર મત છે એની પણ આલોચના કરી છે, ટીપ્પણી કરી છે. લખ્યું છે કે ક્યાંય સમાધાન ન થાય તો જ્ઞાનીની પાસે સમાધાન કરવાની જિજ્ઞાસા રાખવી પણ પોતાની મેળે કહેનારનો નિષેધ ન કરવો. કેટલીક વાતો એવી છે કે આ જે જૈનના નામથી જે ચાલે છે તે ખરેખર જૈન નથી. એ માટે ઘણી દલીલો તેમણે આપી છે. પણ જ્ઞાનીના સંગમાં તેનું સમાધાન કરવાની એક વાત રાખી લેવી. કોઈ પૂર્વગ્રહમાં ન આવી જવું. તોપણ કૃપાળુદેવ વંચાવતા તો હતા પણ એમાં બહુ જ વિચિક્ષણતા હતી કે તેઓશ્રીને ખબર હતી કે દરેક મનુષ્યને પોત–પોતાના સંપ્રદાયનો પક્ષ હોય જ છે. જાણે–

અજાણ્યે હોય જ છે. અને તેની પક્ષબુદ્ધિ-સંપ્રદાય બુદ્ધિમાંથી કાઢવા માટે પણ વંચાવતા હતાં. એવા એવાં ગ્રંથો પણ વંચાવતા હતાં કે જીવની સંપ્રદાયબુદ્ધિ છૂટી જાય. શું વાંચવું ને શું ન વાંચવું ? તે જ્ઞાનીની સૂચના અનુસાર હોય તો બરાબર છે, નહીંતર એમાં ભૂલ ખાવાના ઠેકાણાં / પડવાનાં ઠેકાણાં ઘણાં છે.

પ્રશ્ન : જ્ઞાનીના માર્ગમાં ચાલનારનો નિશ્ચય કેવો હોય છે ?


પૂ. ભાઈશ્રી : જ્ઞાનીના માર્ગમાં ચાલનારનો નિશ્ચય એવો હોય છે કે જે જ્ઞાની કહે તે જ વાત બરાબર છે. જ્યારે આ સંપ્રદાયોમાં તો ગડબડ ઘણી છે. એ વાત તો સ્પષ્ટ છે. કોઈને પણ સમજમાં આવે એવી વાત છે કે દરેક સંપ્રદાયમાં ગડબડ બહુ જ ચાલે છે. અત્યારે કોઈ સંપ્રદાય એવો નથી રહ્યો કે જેમાં ગડબડ ન ચાલતી હોય તે સમજી શકાય એવી વાત છે. એટલે સંપ્રદાયબુદ્ધિ તેની મંદ પડી જાય છે અને એવો જ નિશ્ચય તેને આવે છે કે મારે જ્ઞાનીના માર્ગે જ ચાલવું છે. પછી એને કોઈ તકલીફ કે અડચણ નથી આવતી.

**''સત્સંગ વિના ધ્યાન તરંગરૂપ થઈ પડે છે''** શાસ્ત્ર પછી ધ્યાનની વાત લીધી છે. સાધન છે ને ! શાસ્ત્ર-આગમ પણ એક સાધન છે અને ધ્યાન કરવું એ પણ એક સાધન છે. બન્ને માટે સૂચના કરી છે કે પહેલાં સત્સંગ કરવો પછી સત્સંગમાં ધ્યાન ક્યા stage માં આવે છે ? ક્યું ધ્યાન ક્યા પ્રકારે હોય છે ? ધ્યાનના પ્રકાર કેટલાં છે? એ બધુ સમજ્યા પછી પોતાની ભૂમિકા હોય તો ધ્યાન કરવું. ધ્યાનની ભૂમિકા હોય તો ધ્યાન કરવું, નહીંતર તે ધ્યાનમાં તરંગ ઊઠશે. કેટલાંય પ્રકારના તરંગ ઊઠશે કે મને શાંતિ થઈ ગઈ, મને પ્રકાશ દેખાણો, મને આમ થયું, મને તેજનું કિરણ દેખાણું, એવું બધું ઘણું હોય છે. એવાં ઘણાં લોકો મળે છે. શું ? મને આ પ્રકારે ગોળ ચક્કર, ચક્કર દેખાણા- એ બધી ખરેખર ચક્કરમાં પડવા જેવી વાતો છે. સત્સંગ વગર ધ્યાનમાં પ્રવેશ કરવો નહીં. સત્સંગ કરતો ન હોય અને સીધો વિપશ્યનામાં જાય, સત્સંગ તો હજી સુધી પ્રાપ્ત કર્યો ન હોય, યોગ્યતા સત્સંગ દ્વારા બરાબર આવી ન હોય, એ વિપશ્યના, પ્રેક્ષા અને આ મદ્રાસ તરફ ચાલે છે એ વળી ત્રીજો પ્રકાર છે. તેની શિબિર અને તેના ધ્યાનકેન્દ્ર અને તેના યોગમાં ચાલ્યો જાય છે. જ્ઞાનીપુરુષ તેની ના પાડે છે.

૪૬૬ નંબરનો પત્રાંક છે આપણાં કૃપાળુદેવના એક ખાસ અનુયાયી હતાં, થોડા પરિચયમાં આવ્યા પછી એને એમ લાગ્યું કે અમે વિપશ્યનામાં દોડધામ કરી આવ્યા પરંતુ કંઈક ભૂલ કરી હોય એમ લાગે છે. એટલે એકાંતમાં મને પૂછ્યું કે હું તો વિપશ્યનામાં ગયો હતો, સારું પણ લાગ્યુ હતું પણ હવે તમારી વાત સાંભળ્યા પછી હવે કંઈક એમાં શંકા પડે છે. મેં કીધું કે કૃપાળુદેવનો ગ્રંથ તો તમે વાંચ્યો જ છે. ઘણું વાંચન કર્યુ છે. તેમાં ૪૬૬ પત્રમાં છઠ્ઠો પેરાગ્રાફ છે કે જીવ પોતાની કલ્પના ....એ લાઈન વંચાવી. કૃપાળુદેવને માનતા હતા એટલે વાત તરત બેસી ગઈ નહીંતર માત્ર આપણાં કહેવાથી તો બેસે પણ નહી. **''જીવ પોતાની કલ્પનાથી કલ્પે કે ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી પણ તેથી જીવનું કંઈ કલ્યાણ થાય નહીં''** સ્પષ્ટ ના પાડી છે, બરાબર છે ? કૃપાળુદેવની આ આજ્ઞા છે અને આપણે તેઓશ્રીની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું જોઈએ. તેમણે તરત એ વાત છોડી દીધી. મને કહ્યું કે મેં તો મારા નામે વિપશ્યનાની બુક છપાવી છે તેનું શું કરવું ? મેં કીધું પશ્ચાતાપ કરો, પ્રાયશ્ચિત લેવું અને હવે શું કરવું ? કે **''જીવનું કલ્યાણ થવું તો જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે અને તે પરમસત્સંગના યોગે કરી સમજાય છે; માટે એવા વિકલ્પ કરવા મુકી દેવા''** ધ્યાનના વિકલ્પો છોડી દેવા. બરાબર ! એ રીતે જ્યારે જે પેરેગ્રાફ વાંચતા હોઈએ ત્યારે એમાંથી આપણને જે વાત લાગુ પડતી હોય તે વાત ઉપર ધ્યાન જવું જોઈએ. જો આવી વાત ઉપર આપણું ધ્યાન ન જાય અને આપણે ધ્યાન શિબિર અને ધ્યાન કેન્દ્રમાં જતાં હોઈએ તો એનો અર્થ એ થાય છે કે સ્વાધ્યાયમાં આપણું સ્વલક્ષ છે જ નહીં. પરલક્ષથી જ

**(અનુસંધાન પાના નં ૧૦ પર.. )**

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા
### મંગલવાણી-સીડી-૧૪-A



પ્રશ્ન :- જ્ઞાન અપેક્ષાએ વિષય કરે છે ત્યારે મુખ્ય અને ગૌણ, પર્યાય ગૌણ રહે છે. શ્રદ્ધા જ્યારે આત્મા શ્રદ્ધાથી વિષય કરે છે કે હું જ્ઞાયક જ છું. બીજું કાંઈ છું જ નહિ. એટલું બધું જોર આપે છે એ વખતે પણ જ્ઞાનના પરિણમનમાં તો પાછું જેમ છે એમ જ્ઞાન તો રહે છે.

ઉત્તર :- જ્ઞાન એમ ને એમ રહે છે. દૃષ્ટિને બીજો કાંઈ ખ્યાલ જ નથી. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે છે, હું આ જ્ઞાયક જ છું એમ. તે જ વખતે જ્ઞાન પણ હું આ જ્ઞાયક છું,અ

પણ એને પર્યાય ગૌણમાં રહે છે. એને તે જ વખતે ગ્રહણ કરે. તે જ વખતે.


પ્રશ્ન :- મારે પ્રશ્ન શું છે કે જ્ઞાન મુખ્ય-ગૌણ કરે છે અને દૃષ્ટિ એકાંત કરે છે. એમાં કાંઈ દૃષ્ટિમાં જોર હશે? આત્મા દૃષ્ટિ અપેક્ષાએ જ્યારે ગ્રહણ કરે છે કે હું જ્ઞાયક. એમાં કાંઈ જોર વિશેષ આવતું હશે?

ઉત્તર :- બીજો કાંઈ ખ્યાલ નથી. એને એક દ્રવ્યનું જ અસ્તિત્વ ગ્રહણ કર્યું છે માટે એને દૃષ્ટિ અપેક્ષાએ મુખ્ય કરે માટે એમાં જોર વધારે આવે છે. જ્ઞાનમાં પણ જોર તો આવે જ છે. એ જોર તો બરાબર આપે છે પણ બીજું ખ્યાલમાં રાખે છે. એમ.

પ્રશ્ન :- બીજું ખ્યાલમાં રાખવા જતાં કાંઈક ઢીલપ આવતી હોય અને પેલામાં વિશેષતા આવતી હોય એવું કાંઈ બને ખરું? કેમકે આમ તો દૃષ્ટિ જ્યારે એકાંત ગ્રહણ કરે છે ત્યારે જ્ઞાન તો સાથે રહે છે.

ઉત્તર :- જ્ઞાન સાથે રહે છે. દૃષ્ટિ જે કહે છે એ બરાબર છે એમ જ્ઞાન જાણે છે. જે દૃષ્ટિએ વિષય કર્યો એ બરાબર દૃષ્ટિની અપેક્ષાએ બરાબર છે. એમ જ્ઞાનમાં ગ્રહણ છે. જ્ઞાન દૃષ્ટિને બરાબર જાણે છે કે દૃષ્ટિનો આ વિષય છે અને જ્ઞાન પણ એમ જ જાણે છે કે દૃષ્ટિની અપેક્ષાએ એ બરાબર છે. એમ એ પોતે પણ એવી રીતે જોર આપે છે. પણ આ જાણવાનું છે એ બાકી રહી જાય છે. એટલે શ્રદ્ધાનો વિષય મુખ્યપણે મુખ્ય રાખવો એ વિષય શ્રદ્ધાનો છે. જ્ઞાનનો વિષય છે એ જાણવાનો છે. એટલે એ જોર આપવું એ બધું શ્રદ્ધાનો વિષય. પણ જ્ઞાનને જોર આપવો એનો વિષય છે. કારણ કે એ બરાબર જેમ જાણે છે એમ જોર આપે છે. એનો વિષય જ્ઞાનનો જાણવાનો છે. અને ગ્રહણ કરવું એ બધો દૃષ્ટિનો વિષય છે. જ્ઞાન ગ્રહણ કરે છે. ગ્રહણ તો કરે છે પણ મુખ્ય વિષય દૃષ્ટિનો

**(અનુસંધાન પાના નં ૧૧ પર.. )**



## ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’માંથી ‘પુરુષાર્થનું સ્વરૂપ’ સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

સહજ પુરુષાર્થમાં થાક લાગશે નહિ. સૂવા વગેરેના ભાવમાં પણ દુઃખ લાગશે, નિદ્રામાં પણ થાક લાગશે. (સહજ પુરુષાર્થની સાથે સહજ નિરાકુલતા અવિનાભાવીરૂપથી જુદો છે; અતઃ સોના આદિના ભાવમાં તથા નિદ્રામાં પણ થાક લાગતો માલૂમ પડે છે, એવો જ સહજ પુરુષાર્થનું સ્વરૂપ છે. સ્વસ્વભાવના અવલંબનમાં નિર્વિકલ્પ સુખ સહજ વર્તે છે; જ્યારે સ્વરૂપના વિશ્રામધામને અવલંબનને છોડીને શરીરાશ્રિત વિશ્રામના વિકલ્પમાં સુખ કેવું? એ વિકલ્પ તો પોતે જ દુઃખરૂપ છે.) (૩૬૨)

*

પુરુષાર્થ તો ચારિત્રમાં છે, દ્રષ્ટિમાં શું પુરુષાર્થ છે !

પ્રશ્ન : શું દ્રષ્ટિમાં પુરુષાર્થ નથી ?

ઉત્તર : દ્રષ્ટિમાં પુરુષાર્થ તો છે, પરંતુ ચારિત્રની અપેક્ષાએ બહુ ઓછો પુરુષાર્થ છે, ચારિત્રમાં તો મોટો પુરુષાર્થ છે. (જે પુરુષાર્થથી સમ્યગ્દર્શન થાય છે તેની તારતમ્યતા તથા મુનિદશાયોગ્ય પુરુષાર્થની તારતમ્યતામાં કેટલો મોટું અંતર છે, તે સમ્યગ્દ્રષ્ટિને જ ખબર પડે છે. પરંતુ મિથ્યાદ્રષ્ટિને પુરુષાર્થ વિષયક એવું જ્ઞાન હોતું નથી.) (૩૮૦)

*

પુરુષાર્થના ધામમાં પુરુષાર્થ જામી ગયો તે જ પુરુષાર્થ છે. (૫૦૫)

*

અજ્ઞાનમાં જીવ, વાંચન–શ્રવણ–મનન આદિનો જે પુરુષાર્થ કરે છે તેમાં તો થાક (બોજો) લાગે છે; પરંતુ જેમાં થાક લાગે – તે પુરુષાર્થ જ ક્યાં છે ? સહજ પુરુષાર્થમાં બોજો (થાક) લાગતો જ નથી. (અહીં પુરુષાર્થનું સ્વરૂપ દર્શાવ્યું છે : જો સહજ પુરુષાર્થ હોય તો તેમાં ક્યારેય થાક લાગતો નથી પરંતુ વિકલ્પનો થાક જરૂર મટી જાય છે. જેવી રીતે જીવોને શ્વોસોચ્છવાસમાં ક્યારે થાક નથી લાગતો કેમ કે તે તેનો વ્યવહારજીવન (પ્રાણ) છે; તેવી જ રીતે સહજ પુરુષાર્થ આત્માનું જીવન છે અતઃ એમાં થાક કેવો ?) (૫૪૯)

*

પુરુષાર્થની વ્યાખ્યા : સહજ ઉદ્યમ.

‘હું’ તો અનાદિ–અનંત મારા સ્વરૂપમાં સ્થિત છું, નિર્વિકલ્પ છું જે સુખરૂપ છે. વિકલ્પવાળો કૃત્રિમ ઉદ્યમ ખોટો પુરુષાર્થ છે, દુઃખરૂપ છે. (૫૮૨)

*

પ્રશ્ન : પુરુષાર્થ કેમ કરવો ?

ઉત્તર : ‘હું વર્તમાનમાં જ અનંત વીર્યનો પિંડ છું’ – એ જ પુરુષાર્થ છે.

પ્રશ્ન : દ્રષ્ટિ તો ફેરવવાની છે ને ?

ઉત્તર : ‘હું જ ખુદ દ્રષ્ટા છું’ – તે ભાવમાં દ્રષ્ટિ ફેરવવાની નથી. (તે તો સ્વયં ફરી જાય છે); વર્તમાનમાં જ કૃતકૃત્ય છું, તેમાં કાંઈ કરવાનું નથી. (૬૩૮)


*



# પ્રણિપાત સ્તુતિ

હે પરમકૃપાળુ દેવ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથી નિઃસ્પૃહ છો; જેથી હું મા, વચન, કાયાની એકાગ્રતાથી આપનાં ચરણારવિન્દમાં નમસ્કાર કરું છું. આપની પરમભક્તિ અને વીતરાગપુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ




## નવું પ્રકાશન

## 'અધ્યાત્મ પિપાસા' (ભાગ-૪)

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા'ની શ્રેણીનો ભાગ-૪ (ગુજરાતી) પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આગામી ૯૧માં જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે, તા. ૨૦-૧૨-૨૦૨૩ના દિવસે પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની આવશ્યકતા હોય તેઓએ પોતાની નકલ તા. ૨૦-૧૧-૨૦૨૩ સુધીમાં નીચેના નંબર પર રજીસ્ટર કરાવી લેવા વિનંતી.

– શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

શ્રી નીરવ વોરા ૯૮૨૫૦ ૫૨૯૧૩

*REGISTERED NO. : BVHO - 261 / 2021-2023*
*RENEWED UPTO : 31/12/2023*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.
સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

If undelivered please return to ...
**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

Printed Edition :
Visit us at : http://www.satshrut.org